અપીલ અધિકારી અને
લો ઓફિસર
કાયદા ખાતુ
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.
FAX : 91-0261 2451935
ટેલીફોનઃ૨૪૨૩૭૫૧–૫૬/૨૪૨ ૨૨૮૫–૮૭

**પ્રથમ અપીલ અરજી તા.૩૦–૦૭–૨૨**

અરજદાર : શ્રી દિપકભાઈ પટેલ

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી (કાયદાખાતુ)

**અરજીની હકીકત :–**

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદાર શ્રી દિપકભાઈ પટેલની આઈ.ડી.નં.૪૩૪, તા.૨૪–૦૬–૨૦૨૨ નાં સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– અરજદારશ્રીની તા.૩૦–૦૭–૨૦૨૨ ની અપીલ.

અરજદાર શ્રી દિપકભાઈ પટેલ દ્વારા આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી માંગવાની અરજી તા.૨૪–૦૬–૨૦૨૨ થી માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરતને સંબોધીને કરવામાં આવેલ જેનો આઈ.ડી.નં. ૪૩૪ છે. જે અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (ઉધના ઝોન), સુરત મહાનગરપાલિકા દ્વારા અત્રેનાં કાયદા વિભાગને તા.૦૧–૦૮–૨૦૨૨ થી તબદીલ કરવામાં આવેલ. જે અત્રેનાં કાયદા વિભાગને ઈનવર્ડ લો.નં.૫૧૯, તા.૦૧–૦૭–૨૦૨૨ થી મળેલ છે. અરજદાર ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત પ્રથમ અપીલ અપીલ અધિકારી અને લો ઓફિસરશ્રી, કાયદા વિભાગને તા.૩૦–૦૭–૨૦૨૨ થી કરવામાં આવેલ છે. જે અત્રેનાં કાયદા વિભાગને ઈનવર્ડ લો.નં.૭૪૨, તા.૦૧–૦૮–૨૦૨૨ થી મળેલ છે.

**<u>અપીલ તબકકે અરજદારની રજૂઆત</u>**

અરજદાર શ્રી દિપકભાઈ પટેલને અપીલના કામે માંગવામાં આવેલ માહિતીની વિષય વસ્તુની સ્પષ્ટતા/રજુઆત અર્થે તા.૦૮–૦૮–૨૦૨૨ ના રોજ હાજર રહેવા જણાવેલ. જેમાં તેઓએ આજરોજ સુનાવણીમાં રૂબરૂ હાજર થઈ પ્રથમ અપીલનાં કારણો ઉપરાંત મૂળ અરજીનાં મુદ્દા નં.૧ થી ૧૨ અન્વયે વધુમાં સુનાવણી વખતે લેખિત પત્રથી પણ રજુઆત કરેલ છે.

**<u>અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીની રજૂઆત</u>**

અરજદારશ્રી ધ્વારા જે અરજી કરવામાં આવેલ હતી તે અરજી મુજબ માહિતી ઉપલબ્ધ ન હતી.

***<u>હુકમ</u>***

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકતે અરજદારને તા.૦૮–૦૮–૨૦૨૨ નાં રોજ રૂબરૂ સુનાવણીમાં બોલાવામાં આવેલ. જેમાં અરજદાર ધ્વારા તેમની મૂળ અરજીનાં મુદ્દા નં.૧ થી ૧૨ અન્વયે લેખિત રજુઆત કરવામાં આવેલ. જેથી અરજદારની મૂળ અરજી તેમજ રજુઆત ધ્યાને લેતાં, અરજદારની આર.ટી.આઈ. એકટ હેઠળની મૂળ અરજીના મુદ્દા નં.(૧૦) ની માહિતી વિનામૂલ્યે દિન–૦૫ માં આપવાનો આથી જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસર, કાયદા વિભાગને હુકમ કરવામાં આવે છે.

વધુમાં, અરજદારશ્રીએ માંગેલ માહિતી બાબતે કોઈ નારાજગી હોય તો તેઓ ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(મિત્તુલ એ. પંડયા)
લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/૪૯૦
તા.૨૩–૦૮–૨૦૨૨

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસર (કાયદા ખાતુ) પ્રતિ,..જાણ તથા અમલ કરાવવા માટે.
(૨) અરજદાર શ્રી દિપક પટેલ, ૪૭, નવી શકિત–વિજય સોસાયટી, વરાછા રોડ, સુરત, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ દ્રારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

અપીલ અધિકારી અને
લો ઓફિસર
કાયદા ખાતુ
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.
FAX : 91-0261 2451935
ટેલીફોનઃ૨૪૨૩૭૫૧–૫૬/૨૪૨ ૨૨૮૫–૮૭

**પ્રથમ અપીલ અરજી તા.૦૧–૧૧–૨૨**

અરજદાર : શ્રી ફુરકાન અકીલભાઈ શેખ

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી (કાયદાખાતુ)

**અરજીની હકીકત :–**

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદાર શ્રી ફુરકાન અકીલભાઈ શેખની આઈ.ડી.નં.૨૨૪, તા.૦૧–૦૯–૨૦૨૨ નાં સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– અરજદારશ્રીની તા.૦૧–૧૧–૨૦૨૨ ની અપીલ.

ઉપરોકત વિગતે અરજદાર શ્રી ફુરકાન અકીલભાઈ શેખની પ્રથમ અપીલ સાદી ટપાલ મારફત અત્રેનાં વિભાગને તા.૦૩–૧૧–૨૦૨૨ નાં રોજ મળેલ. જે અન્વયે અરજદાર શ્રી ફુરકાન અકીલભાઈ શેખને તા.૦૫–૧૧–૨૦૨૨ થી પત્ર ધ્વારા તા.૧૧–૧૧–૨૦૨૨ નાં રોજ સાંજે ૫.૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે સંદર્ભે અરજદારશ્રી સદર તારીખના રોજ હાજર રહેલ. જાહેર માહિતી અધિકારી અને આસી. લો ઓફિસર શ્રી રવિ શાહ આકસ્મીક રજા પર હોય સદર સુનાવણીમાં હાજર રહી શકેલ નહિ.

સદર અપીલ વિગતે અરજદારશ્રીએ જાહેર માહિતી અધિનિયમ નમુના–ક મુજબની અરજી તા.૨૭–૦૮–૨૦૨૨ નાં રોજ કરેલ છે. જે સુરત મહાનગરપાલિકાની મધ્યસ્થ કચેરીને તા.૩૦–૦૮–૨૦૨૨ નાં રોજ મળેલ છે. સદર અરજી નમુનો–ઘ ને આધીન જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા મારફત જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસર, કાયદા વિભાગ, સુરત મહાનગરપાલિકાને મુદ્દા નં.(૫) બાબતે આંશિક તબદીલ કરવામાં આવેલ. જે તા.૦૮–૦૯–૨૦૨૨ નાં રોજ જાહેર માહિતી અધિકારીને મળેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૨૭–૦૯–૨૦૨૨ નાં રોજથી અરજદારશ્રીને " મુદ્દા નં. (૫) અન્વયે માંગવામાં આવેલ માહિતી કાયદા ખાતાના રેકર્ડ ઉપર તપાસ કરતા અત્રેનાં રેકર્ડ ઉપર માહિતી નીલ છે " એ મુજબનો જવાબ પાઠવવામાં આવેલ છે.

ઉપરોકત બાબતે મુદ્દા નં. (૫) માં જણાવેલ " એ.સી.બી. ધ્વારા પકડાયેલ તમામ કોર્પોરેટરો ઉપર ગુજરાત સરકાર ધ્વારા શું પગલા લેવામાં આવેલ છે તેની સ્પષ્ટતા કરવી " ની બાબતે અરજદારશ્રીને તા.૧૧–૧૧–૨૦૨૨ નાં રોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન સમજણ આપવામાં આવેલ કે સદર બાબત મ્યુનિસિપલ કાઉન્સિલરોને લાગત હોય તેઓ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ હોય તેઓને લાગત કામગીરી સુરત મહાનગરપાલિકાનાં સંબંધિત સેક્રેટરી વિભાગ મારફત કરવામાં આવતી હોય છે તેમજ એ.સી.બી. મારફત પકડાયેલ તમામ કોર્પોરેટરો ઉપર રાજય સરકાર ધ્વારા શું પગલા લેવામાં આવે છે. તેની રેકર્ડ આધારીત અત્રેનાં કાયદા વિભાગની માહિતી " નીલ " હોવાનો જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી, કાયદા વિભાગ ધ્વારા જવાબ કરવામાં આવેલ તથા અરજદારશ્રી ધ્વારા તા.૧૧–૧૧–૨૦૨૨ નાં રોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન રજુઆત કરવામાં આવેલ છે કે, " મુદ્દા નં. (૫) જાહેર માહિતી અધિકારી અરજી તા.૨૭–૦૮–૨૦૨૨ નું લાગત એ.સી.બી. ગુનામાં કોર્પોરેટરો વિરુધ્ધ રાજય સરકાર ધ્વારા આવા કોર્પોરેટરોને ડિસ્કવોલીફાય કે હોદ્દા પરથી દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તેની વિગત આપવી " સદર રજુઆત સંદર્ભે જણાવવાનું કે, માહિતીની અરજીનાં મુદ્દા નં.(૫) ની માહિતી સીધી રીતે સેક્રેટરી વિભાગને સ્પર્શતી જણાય છે તથા કાયદા વિભાગનાં જાહેર માહિતી અધિકારી ધ્વારા કાયદા વિભાગની માહિતી નીલ હોવાનું જણાવેલ છે. તેવા સંજોગોમાં મુદ્દા નં.(૫) આંશિક રીતે સેક્રેટરી વિભાગને તબદીલ કરવાનું ઉચિત જણાય છે. આમ, અરજદારશ્રીની મુળ અરજી તથા અપીલ સંદર્ભે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>અપીલ તબકકે અરજદારની રજૂઆત</u>

અરજદાર શ્રી ફુરકાન અકીલભાઈ શેખને અપીલના કામે માંગવામાં આવેલ માહિતીની વિષય વસ્તુની સ્પષ્ટતા/રજુઆત અર્થે તા.૧૧–૧૧–૨૦૨૨ ના રોજ હાજર રહેવા જણાવેલ. જેમાં તેઓએ સુનાવણીમાં રૂબરૂ હાજર થઈ પ્રથમ અપીલનાં કારણો ઉપરાંત મૂળ અરજીનાં મુદ્દા નં.૫ જાહેર માહિતી અધિકારી અરજી તા.૨૭–૦૯–૨૦૨૨ નું લાગત એ.સી.બી. ગુનામાં કોર્પોરેટરો વિરુધ્ધ રાજય સરકાર ધ્વારા આવા કોર્પોરેટરોને ડિસ્કવોલીફાય કે હોદ્દા પરથી દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તેની વિગત આપવી.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની માહિતીનાં મુદ્દા નં.(૫) આંશિક રીતે કાયદા વિભાગને તથા આંશિક સેક્રેટરી વિભાગને સ્પર્શતો હોય તથા કાયદા વિભાગનાં જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.(૫) અનુસંધાને રેકર્ડ આધારીત માહિતી નીલ હોવાનો હુકમ કાયમ રાખવામાં આવે છે તથા મુદ્દા નં.(૫) આંશિક રીતે સેક્રેટરી વિભાગને સીધો સ્પર્શતો હોય જેથી માહિતી અરજી મુદ્દા નં.(૫) આંશિક રીતે જાહેર માહિતી અધિકારીશ્રી (સેક્રેટરી વિભાગ) ને તબદીલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, અરજદારશ્રીએ માંગેલ માહિતી બાબતે કોઈ નારાજગી હોય તો તેઓ ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(મિત્તુલ એ. પંડયા)
લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/૭૪૭
તા.૧૯–૧૧–૨૦૨૨

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસર (કાયદા ખાતુ) પ્રતિ,..જાણ તથા અમલ કરાવવા માટે.
(૨) અરજદાર શ્રી ફુરકાન અકીલભાઈ શેખ, સાંઈ નર્સરી, મોમાઈ નગર–૧, ગાંધીનગર, જામનગર તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.